# ભરણપોષણ ઘટાડવા રીવીઝન અરજી કોર્ટે અંશતઃ મંજૂર કરી

## ૫ હજારના બદલે પ્રતિમાસ અઢી હજાર ચુકવવા કોર્ટનો આદેશ

ગાંધીનગર, તા. ૨

ભરણપોષણની રકમ ઘટાડવા સેસન્સ કોર્ટમાં દાખલ થયેલી અરજદારની રીવીઝન અરજી કોર્ટે અંશતઃ મંજૂર રાખવાનો આદેશ કર્યો છે. ભરણપોષણ પેટે પ્રતિમાસ ૫ હજાર ચુકવવાના નીચલી કોર્ટના આદેશને અનુલક્ષી દાખલ થયેલી રીવીઝન અરજીના અંતે કોર્ટે પ્રતિમાસ અઢી હજાર ચુકવવા હુકમ કર્યો છે. સે-૨૭માં રહેતી પરિણિતાએ ભરણપોષણ મેળવવા ગાંધીનગરની ચીફ કોર્ટમાં અરજી કરી હતી જેના અનુસંધાને કોર્ટે તેણીના પતિ નયન વિઠ્ઠલભાઈ ખુંટને પ્રતિમાસે રૂ. ૫ હજાર ભરણપોષણ પેટે ચુકવવા આદેશ કર્યો હતો. જયારે નીચલી કોર્ટના આદેશથી નારાજ થઈ તેમણે ભરણપોષણની રકમ ઘટાડવા સેસન્સ કોર્ટમાં વકીલ ધવલ મહેતા મારફતે રીવીઝન અરજી દાખલ કરી હતી. આ કેસ કોર્ટમાં ચાલી જતા રીવીઝન અરજી અંશતઃ મંજૂર રાખી સામાવાળાને રૂ. ૫ હજાર ચુકવવાનો જે હુકમ કર્યો હતો તેમાં હસ્તક્ષેપ કરી રૂ. ૨૫૦૦ ચુકવવા આદેશ કર્યો છે. આ કેસમાં અરજદારના વકીલે ‘કવોન્ટમ’નો સિધ્ધાંત ધ્યાને ન લેવાયો હોવાનું પણ કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું.

# ચોરી કરનાર ટાબરીયો છે તેથી ગુનો ન નોંધાય : પોલીસનું બહાનું

## દુકાનમાંથી એપલ ફોન ચોરી જનાર કેમેરામાં કેદ : દુકાનદાર ફરિયાદ કરવા ગયા તો પોલીસે બહાનું કાઢીને તગેડી મુકયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક કુડાસણની એક દુકાનમાંથી ચોરાયેલ એપલ મોબાઈલ સંદર્ભે વેપારી સીસીટીવી કેમેરાના ફુટેજ સાથે પોલીસ પાસે ગયો. પોલીસે ફુટેજ જોઈને કહ્યું કે આમાં તો ચોરી કરનાર ટાબરીયો છે એટલે ગુનો ન નોંધાય. તેમ કહીને ફરિયાદને બહાનું બતાવી રવાના કરી દેવાયો હતો. જો ટાબરીયા સામે ગુનો ન નોંધાય તેવું વલણ પોલીસ દાખવશે તો તમામ ચોરી લુંટમાં રીઢા ગુનેગારો પણ ટાબરીયાઓનો જ ઉપયોગ કરી ગુનાને અંજામ આપશે તેમાં બે મત નથી...!

મળતી માહિતી પ્રમાણે શહેર નજીક આવેલા કુડાસણ ગામની સીમમાં સ્થિત પ્રમુખ આર્કેડમાં ૧૬મી જાન્યુઆરીએ એક મોબાઈલની દુકાનમાંથી એપલ મોબાઈલ ચોરી થયો હતો. દુકાનદારે સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કર્યા તો ચોરી કરનાર શખ્સ કેમેરામાં કેદ થયેલો જણાઈ આવ્યો હતો. દુકાનદાર ફુટેજ લઈને પોલીસ પાસે ગયો ને પોલીસે પણ મોબાઈલ ચોર જોવા માટે ફુટેજ તપાસ્યા હતાં. ચોરી કરીને સરકી જનાર સગીર વયનો હોય તેવું તેના શરીરના બાંધા પરથી જણાઈ આવ્યું હતું. જેથી ચોરી કરનાર ટાબરીયો હોવાથી ગુનો ન નોંધાય તેવું બહાનું બતાવી ફરિયાદીને સમજાવીને મોકલી દીધો હતો. આ પ્રકારના વલણથી કદાચ ચોરીમાં ટાબરીયાઓનાં ઉપયોગ કરવાનું ગુનેગારો શરુ કરી દે તેવું પણ બની શકે છે.

# એન.આઈ.સી.એમ.માં શોર્ટ ટર્મ ટ્રેઈનીંગના બે કાર્યક્રમો યોજાયા

## અનુ. જાતિ અથવા અનુ. આદિજાતિ માટે એક બેઠક અને મહિલાઓ માટે બે બેઠક મંડળીની સમિતિમાં ફરજીયાત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ કો.ઓ.મેનેજમેન્ટ દ્વારા ત્રિદિવસીય બે તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન થયું હતું. આ બે તાલીમ કાર્યક્રમમાં હાજર ગુજરાતમાંથી આવેલ વિવિધ મંડળીઓના મેનેજરોને સંચાલકીય માર્ગદર્શિકા સાથે વિસ્તૃત જાણકારી પુરી પડાઈ હતી. શનિવારે થયેલ સમાપન બાદ હાજર અધિકારીઓ સંતોષ વ્યકત કરી મંડળીની વહીવટી કામગીરીમાં આ અનુભવ અગત્યનો બની રહેશે તેવો અભિપ્રાય વ્યકત કર્યો હતો.


(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગરમાં આવેલ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ કો.ઓ. મેનેજમેન્ટના ત્રિ દિવસીય બે તાલીમ કાર્યક્રમનું શનિવારના રોજ સમાપન થયું હતું. આ કાર્યક્રમના બીજા ભાગમાં કુલ ચૌદ ક્રેડીટ સોસાયટીઓના ૨૪ અધિકારીઓએ ભાગ લીધો હતો. જેમાં પોરબંદર, પાલનપુર, વડોદરા, વણાકબોરી, કીંખલોડ, કોસંબા, નાપાડ, ચકલાસી, હિંમતનગર, પાલડી અને તલોદની મંડળીઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતાં.

આ તાલીમ કાર્યક્રમમાં સહકારી મંડળી (સુધારા) અધિનિયમ ૨૦૧૩ની વિસ્તૃત જાણકારી સંસ્થાના પ્રોગ્રામ ડાયરેકટર પ્રો.ડી.એમ. બાવરવા દ્વારા અપાઈ હતી. જમાં મંડળીની વ્યવસ્થાપક સમિતિમાં અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓ માટે એક બેઠક અને મહિલાઓ માટે બે બેઠકો અનામત રાખવાનો મહત્વનો સુધારો સૂચવાયો છે. વધુમાં નાના ખેડુતો અને સીમાંત ખેડૂતો હોય તેના માટે એક બેઠક અનામત રાખી શકાશે તેવું જણાવાયું છે.

મંડળીના સભ્યોની જવાબદારી નક્કી કરતા સુધારામાં જણાવાયું છે કે પાંચ વર્ષની સળંગ મુદતની અંદર સામાન્ય સભાની ઓછામાં ઓછી બે સભામાં હાજર રહેવું ફરજીયાત છે. મંડળીના સભ્ય જો સભામાં હાજર નહીં રહે તો રજીસ્ટ્રાર દ્વારા મંડળીના સભ્ય તરીકે દુર કરવાને પાત્ર થશે. તે ઉપરાંત સમિતિના સદસ્યોની અને મંડળીના હોદ્દેદારોના હોદ્દાની મુદત તેઓને ચુંટાયેલ જાહેર કર્યાની તારીખથી પાંચ વર્ષની રહેશે. જેવા અસરકારક સુધારા અંગેની ગંભીરતા અને તેના અમલ માટેની જાણકારી આ કાર્યક્રમમાં અપાઈ હતી.

તેમજ ધિરાણના દસ્તાવેજીકરણ, ક્રેડીટ સોસાયટીઝ માટે કેવાયસી નોર્મ્સની અમલીકરણ, સર્વગ્રાહી ધિરાણ નીતિનું ઘડતર ધિરાણ મંજુરી પ્રક્રિયા, એન.પી.એ. નોર્મ્સ, વાર્ષિક હવાલા, મુદતવિતિ ધિરાણની વસુતાલ, લેણાં માંડવાળ, ઓડીટ વર્ગીકરણ, સભા સંચાલન, ઠરાવોની કાનુની સુસંગતતાની ચકાસણી વગરે બાબતો અંગે લાંબી ચર્ચા અને તેની માહિતી મેનેજરોને અપાઈ હતી. કુ. લિપ્સા રાવલે થાપણો અંગેની વ્યુહાત્મક સમજુતિ આપી હતી. તો પ્રો. કે.વી. લકુમ દ્વારા સર્વગ્રાહી ધિરાણ નિતી તથા ધિરાણ મંજુરી પ્રક્રિયાની વિગતો જણાવી હતી. જયારે પ્રો.એમ.સી. પારેખે ઉત્તમ ઉદાહરણો રજુ કરી અગત્યના ગુણોત્તરો સમજાવ્યા હતા.

આખરમાં મંડળીની સધ્ધરતા માટે ધિરાણ સાથે વસુલાત પણ એટલી જ મહત્વની હોય. બોર્ડ ઓફ નોમીનીઝ અને ૧૩૮ ચેક રીર્ટનની ફરિયાદો કરી મંડળીની વસુલાતને ધારદાર બનાવવી જોઈએ તેવું પણ સમજાવાયું હતું. આ કાર્યક્રમમાં રાજયભરમાં દુરદુરથી આવેલ અધિકારીઓએ તાલીમથી એક નવો દોરી સંચાલનનો અનુભવ કર્યો હતો અને મળેલી વિસ્તૃત સમજ અને જાણકારી પોતાની મંડળીમાં ઉપયોગી સાબિત થશે તેવું જણાવ્યું હતું. કાર્યક્રમના સમાપનમાં સૌ કોઈએ પ્રોગ્રામ ડાયરેકટરનો આભાર વ્યકત કરી મંડળીના વિકાસ માટે સંસ્થાના આ પ્રયાસને બિરદાવ્યો હતો.

# પતંગની દોરીની ઈજાથી મૃત્યુ પામેલાના વારસદારને સહાયની માંગ

## ધી હિન્દુસ્તાન વિકાસ પરિષદે રાજયના મુખ્ય સચિવને પાઠવેલો પત્ર

ગાંધીનગર, તા. ૨

રાજય સરકાર કુદરતી આપત્તિઓમાં ભોગ બનનારને આર્થિક સહાય પુરી પાડતી હોય છે જેમાં ઉત્તરાયણના તહેવારમાં પતંગની દોરીથી ઈજા પામી અવસાન થયેલા વ્યક્તિના વારસદારને પણ રાજય સરકાર સહાય આપે તેવી માંગ ધી હિન્દુસ્તાન વિકાસ પરિષદે તેના પત્રમાં જણાવી મુખ્ય સચિવને મોકલી આપેલ છે.

ધી હિન્દુસ્તાન વિકાસ પરિષદના પ્રેસીડેન્ટ જગદીશ એસ. કોઈટીયાએ ગુજરાત રાજ્યના મુખ્ય સચિવને એક પત્ર પાઠવી ઉત્તરાયણના તહેવારમાં પતંગની દોરીથી ઈજા પામેલ કે મૃત્યુ થયેલ વ્યક્તિઓના વારસદારોને સહાય પુરી પાડવા માંગણી કરી છે.

તેઓએ પત્રમાં જણાવ્યું છે કે સરકાર તરફથી કુદરતી આપત્તિઓમાં જેવા કે પૂર, વરસાદ, ભુકંપ તથા માનવ સર્જીત હત્યાકાંડોમાં તથા બોમ્બબ્લાસ્ટમાં ભોગ બની ગુજરનારના વારસદારોને રૂ. ૫ થી ૧૦ લાખ કે તેથી વધારે રૂપિયાની સહાય આપતી હોય છે. ત્યારે ઉત્તરાયણ જેવા તહેવારોમાં અજાણતા પતંગની દોરીથી ઈજા પામી મોતને ભેટનાર વ્યક્તિઓના વારસદારોને સહાય આપી મદદરૂપ થવું જોઈએ. તેઓએ વધુમાં જણાવ્યું છે કે રાજકીય પક્ષો ચૂંટણી સમયે સભાઓ અને જાહેરસભાઓમાં કરોડો રૂપિયાઓના ખર્ચા કરે છે. ત્યારે માનવીય અભિગમ દાખવી આવા કિસ્સાઓમાં ચોક્કસ નિયમો ઘડી ભોગ બનનાર વ્યક્તિના પરિવારને મદદરૂપ થવું જોઈએ અને તે માટે તેઓએ પત્ર સરકારને પાઠવી આ અંગે યોગ્ય કાર્યવાહી થશે તો તેમના આભારી રહેવાની વાત પણ કહી છે.

# સાયકલૉથોનમાં સાયકલ મારી સરરર જાય...

## ૫૦ કિ.મી. સાયકલ હંકારી : વગાડી સફળતાની ટોકરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર રનર્સના સભ્યોએ મેરેથોન માઈલ સ્ટોન બાદ આજે સાકલૉથોનમાં પણ પોતાનું જબરદસ્ત પરફોર્મન્સ બતાવ્યું હતું. આજે અમદાવાદ ખાતે યોજાયેલી બીજી સડસડાટ દોડાવી હતી. આ સ્પર્ધાને મહેસુલમંત્રી આનંદીબેન પટેલે ફલેગ ઑફ કરાવી ખુલ્લી મુકી હતી.

ગાંધીનગર રનર્સના નૉનપ્રોફેશનલ દોડવીરો નિત્યાનંદ શ્રીવાસ્તવ, સંજય થોરાત, દિપક સકસેના, સંતોષ કાપડી, આ સભ્યો મેરેથોનમાં પણ ૨૧ કિ.મી.ની ધનધનાટ દોડ લગાવી ચુકયાં છે.

અમદાવાદનાં ઉંચા નીચા, બ્રીજ ધરાવતાં કપરાં રસ્તા પર માત્ર ત્રણ કલાકથી ઓછા સમયમાં ૫૦ કિ.મી.નું અંતર એમણે સડસડાટ



સાયકલૉથોનમાં સેન્ચુરી ૧૦૦ કિ.મી.માં ૨૫૭, હાફ સેન્ચુરી ૫૦ કિ.મી.માં ૫૧૭ અને ડ્રીમ સાયકલીંગમાં ચાર હજારથી વધુ સાયકલવીરોએ ઉત્સાહભેર સાયકલ અજય પ્રજાપતિ અને ભાવેશ ભાવસારે સાબરમતી સાયકલૉથોનની હાફ સેન્ચુરી એટલે કે ૫૦ કિ.મી.ની સ્પર્ધામાં પુરપાટ સાયકલ ભગાવી ફિનીશરનો મેડલ મેળવ્યો હતો. હજુ મહિના અગાઉ જ સાયકલ હંકારી સફળતાની ટોકરી વગાડી હતી. સાયકલૉથોનમાં સાયકલ મારી સરરરર જાયની પંકિતને આ ડેશીંગ સાયકલવીરોએ ખરાં અર્થમાં સાકાર કરી હતી.

# નવી ઔદ્યોગિક નીતિ ઘડવાની પ્રક્રિયા વિલંબમાં પડી

## વર્તમાન નીતિ અંતર્ગત સહાયકી યોજનાની મુદત લંબાઈ

### *સહાયકી યોજનાની મુદત એક વર્ષ લંબાવાઈ*

ગાંધીનગર, તા. ૨

રાજયની ઔદ્યોગિક નીતિની મુદત આગામી ૩૧-૧૨-૨૦૧૪ સુધી લંબાવીનો આ યોજનામાં સમાવીષ્ટ ચાર સહાય યોજનાઓ ૨૦૧૪ સુધી ચાલુ રાખવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ સાધવા માટે ઉદ્યોગ નીતિ રાજ્ય સરકારે ૨૦૦૯માં ઘડી હતી. આ નીતિની મુદત ૨૦૧૩માં પુરી થવા પામી છે. જો કે નવી ઔદ્યોગિક નીતિ તૈયાર કરવાની કામગીરી પ્રાથમિક તબક્કે છે અને નવી નીતિનો મુસદ્દો તૈયાર કરવામાં હજુ લાંબો સમય વીતે તેમ છે.

આથી આ બાબતોને ધ્યાનમાં રાખીને હાલ રાજ્ય સરકારે વર્તમાન ઔદ્યોગિક નીતિ-૨૦૦૯ની મુદત ૩૧-૧૨-૨૦૧૪ સુધી લંબાવીને ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારે આ નીતિની મુદત લંબાવવા સાથે આ નીતિ અંતર્ગત માઈક્રો અને નાના ઉદ્યોગોને સહાય આપવાની યોજના પણ ૩૧-૧૨-૨૦૧૪ સુધી ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત ઔદ્યોગિક આંતર માળખાકીય વિકાસ યોજના, પર્યાવરણીય રક્ષણ પગલા અને આંતર માળખાકીય સુવિધા યોજના સહીત કુલ ચાર યોજનાઓની મુદત પણ ૩૧-૧૨-૨૦૧૪ સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉદ્યોગ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઔદ્યોગિક નીતિ-૨૦૦૯ અંતર્ગત ચાર સહાય યોજનાઓ વધુ એક વર્ષ અમલી બનાવવા માટેની એક દરખાસ્ત નાણા વિભાગ સમક્ષ રજુ કરીને મંજુરી મેળવવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આગામી ટુંક સમયમાં લોકસભા ચૂંટણીઓ જાહેર થનારી હોઈ અને ચૂંટણી આચારસંહીતા અમલી બનનાર હોઈ હાલ રાજ્યની નવી ઔદ્યોગિક નીતિ ઘડવાની પ્રક્રિયા ધીમી ચાલી રહી છે જો કે આગામી મે માસ બાદ નવી ઔદ્યોગિક નીતિનો મુસદ્દો રાજ્ય સરકાર દ્વારા ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ સાધવા અને મૂડીરોકાણ આકર્ષવા માટે રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવતી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમીટને મળેવલી સફળતાને લઈ રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૯માં નવી ઔદ્યોગિક નિતી ઘડવામાં આવી હતી. જેની મુદત ૨૦૧૩માં પુરી થવા પામી છે.

### કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુસર

# ચૂંટણી અનુસંધાને પોલીસને સજ્જ કરવા તાલીમનો દોર શરૂ

## તોફાનો કે રમખાણોમાં પોલીસે શુ-શુ કરવું તથા કેવી કાળજી રાખવી ? મોકડ્રીલ કરાઈ : જિલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસે ફુટ પેટ્રોલીંગ કર્યુ

ગાંધીનગર, તા. ૨

લોકસભાની ચૂંટણી આવી રહી છે તેને ધ્યાનમાં રાખીને ગાંધીનગર જિલ્લાની પોલીસને આ સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જો કોઈ બનાવ બને તો તે પરિસ્થિતિને કેવી રીતે સંભાળી લેવું ? તે સહીતની તાલીમ આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. રેપીડ એક્શન ફોર્સના ઈન્સ્ટ્રક્ટર્સ દ્વારા જિલ્લાની પોલીસને વિવિધ પ્રકારની તાલીમ આપી રહી છે. તે ઉપરાંત ડીએસપી શરદ સિંઘલના આદેશથી મોકડ્રીલ પણ કરવામાં આવી હતી.

રેપીડ એક્શન ફોર્સની ટીમના ઈન્સ્ટ્રક્ટર દ્વારા ગાંધીનગર જિલ્લા પોલીસને આયોજનબદ્ધ પરિસ્થિતિને પહોંચી વળવા માટેની તાલીમ આપવામાં આવી રહી છે. ચૂંટણીને ધ્યાને રાખીને જિલ્લા પોલીસ વડા દ્વારા મોકડ્રીલ પણ કરાઈ રહી છે. હુલ્લડ, રમખાણ કે તોફાનો સર્જાય અથવા રેલી બેકાબુ બને કે અન્ય કોઈ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડે તેવી સ્થિતિ ઉભી થાય તો તે વખતે પોલીસે શું પ્રતિક્રિયા આપવી તથા વિવિધ હથિયારોનો કેવી રીતે ઉપયોગ કરવો અને શું કાળજી રાખવી તે સહિતની બાબતો ઉપરાંત કેવી રીતે પેટ્રોલીંગ ગોઠવવું તેની પણ યોગ્ય તાલીમ અપાઈ રહી છે. જિલ્લા પોલીસ દ્વારા ગાંધીનગરના વિવિધ સંવેદનશીલ તથા અતિસંવેદનશીલ વિસ્તારોમાં ફુટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું તેમ જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલે જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૮
સૂર્યાસ્ત : ૬.૧૯

## તાપમાન

મહત્તમ : ૩૦.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૪૬ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
જય હો : ૧૧.૧૫, ૮.૧૫
દેઢ ઈશ્કિયા : ૨.૧૫
યારીયાન : ૫.૧૫

### સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૨.૪૫, ૬.૪૫
વન બાય ટુ : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
જય હો : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૪, ૧૦.૦૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

જય હો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વન બાય ટુ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### ચિરાગ સિનેમા(કલોલ)

જય હો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર વિમર્શ થઈ શકશે. વિશેષ ભાગ્યવર્ધક કાર્યોનો યોગ. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**વૃષભ** : વિશેષ ઉન્નતિકારક યોગના કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબૂ રાખવો. પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધ પ્રત્યે વિશેષ સાવધાની રાખવી પડેશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે.

**મિથુન** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

**કર્ક** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

**કન્યા** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપતિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : વિશેષ નાણાંકીય વિચાર-વિમર્શનો યોગ, આર્થિક ક્ષેત્રમાં લાભદાયક કાર્ય થઈ શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગદોડ થશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**વૃશ્ચિક** : માંગલિક, ધાર્મિક કાર્યમાં અડચણની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

**ધન** : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

**મકર** : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે.

**કુંભ** : નવા કાર્યો માટે ભાગદોડ રહેશે. ભાગીદારીથી વિશેષ લાભ મળશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

**મીન** : કૌટુંબિક મતભેદ સમાપ્ત થશે. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે.

## ચિરવિદાય

- સ્વ. શંભુપ્રસાદ શિવશંકર દવે (ઉ.વ. ૮૬) દવે વાસ, માણેકપુરા. તા.માણસા. જી. ગાંધીનગર.
- સ્વ. સીતાબેન ભગુભાઈ પટેલ (ઉ.વ. ૬૫) પ્લોટ નં. ૩૨૨/બી-૨, સેકટર-૮, ગાંધીનગર.
- સ્વ. ગજરાબા અભુજી ચાવડા (ઉ.વ. ૯૦) મુ.પો. વાસણ મહાદેવ, તા.જી. ગાંધીનગર.